GJBK030004022026

અરજી આવ્યા : તા. ૦૬/૦૩/૨૦૨૬

અરજી દાખલ : તા. ૦૬/૦૩/૨૦૨૬

અરજી ફેસલ : તા. ૦૬/૦૬/૨૦૨૬

સમય ગાળો :- વર્ષ - માસ - દિવસ
૦૦ ૦૩ ૦૦

========================================================

**વડગામના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. વડગામ**

========================================================

**ક્રિમી. પર. અરજ નં. ૨૭/૨૦૨૬**

આંક- ૧૨

**અરજદાર :** **હિરલબેન બાબુભાઈ દેસાઈ**
ઉ.વ.૨૪, ધંધો- અભ્યાસ,
રહે. રબારીવાસ, મોટી ગીડાસણ,
તા. વડગામ, જી.બનાસકાંઠા.

**વિરુધ્ધ**

**સામાવાળા :** **(૧)** પ્રિન્સીપાલ શ્રી, નિઝામપુરા પ્રા. શાળા,
મુ. નિઝમપુરા, તા. વડગામ, જી.બનાસકાંઠા.
**(૨)** એસ.કે. મહેતા હાઈસ્કુલ, મુ. જગાણા
તા.પાલનપુર, જી.બનાસકાંઠા.

**અરજ :- ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન એકટ, ૧૯૭૪ ની કલમ- ૧૨(એ) કલોઝ- ૪ મુજબ.**

અરજદાર પક્ષે :- વિ.વ.શ્રી બી. બી. સોલંકી

સામાવાળા પક્ષે :- જાતે હાજર.

**(૧)** અરજદાર ની અરજી ની ટુંક માં હકીકત એવી છે કે, અરજદારનો જન્મ તા. ૧૪/૧/૨૦૦૨ ના રોજ મોજે ગામ નિઝામપુરા, તા.વડગામ, જી.બનાસ કાંઠા મુકામે તેમના મોસાળમાં થયેલ હતો અને તે અંગેની નોંધણી કમાંક -૩ થી તા. ૨૩/૧/૨૦૦૨ ના રોજ ગ્રામ પંચાયત નિઝામપુરામાં કરાવેલ હતી અને તે

અંગેનું જન્મનું પ્રમાણ પત્ર નિઝામપુરા ગ્રામ પંચાયત ધ્વારા આપવામાં આવેલ હતું. અરજદારને સામાવાળા નં. ૧ નિઝામપુરા પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે બેસાડેલ હતા તે સમયે શરતચુકથી જે નોંધણી તારીખ હતી તે જન્મ તા. ૨૩/૧/૨૦૦૨ લખાઈ ગયેલ હતી. અમો અરજદારના માતા અભણ હોઈ જેતે વખતે શરતચુકથી અમારી સાચી જન્મ તારીખના બદલે જે નોંધણી તારીખ હતી તે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં અમોને ભણવા બેસાડેલ તે મુજબની તારીખ લખાવેલ હતી. અને તે બાબતે સામાવાળા નં. ૧ ની સ્કુલે પણ કોઈ ગ્રામ પંચાયતના જન્મ પ્રમાણ પત્ર માં ખરાઈ કરેલ ન હતી. અને ત્યારબાદ અમો અરજદાર ધોરણ–૨ થી ૭ સુધીનો અભ્યાસક્રમ ગીડાસણ પ્રાથમિક શાળામાં કરેલો અને ત્યારબાદ ફરીથી ધોરણ ૭ અને ૮ અમો નિઝામપુરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેલો. અને તે વખતે પણ શરતચુકથી અગાઉ જે પ્રમાણે એલ.સી.માં જન્મ તારીખ લખેલ હતી તે મુજબની જન્મ તા. ૨૩/૧/૨૦૦૨ ની લખાયેલ હતી. અરજદાર ત્યારબાદ વધુ અભ્યાસ માટે સામાવાળા નં. ૨ એસ.કે. મહેતા હાઈસ્કુલ જગાણા મુકામે ધોરણ– ૯ અને ૧૦ નો અભ્યાસ કરેલ અને તેમાં પણ તેઓની જન્મ તારીખ અગાઉ શરત ચુકથી જે તા. ૨૩/૧/૨૦૦૨ ની લખાઈ ગયેલ છે. તે જ મુજબની લખાયેલ હતી અને ત્યારબાદ અરજદાર ધોરણ–૧૧, ૧૨ નો અભ્યાસકમ પુર્ણ કરી કોલેજ સુધી નો અભ્યાસકમ હેમચંદ્રઆચાર્ય નોર્થ ગુજરાત યુર્નિવસીટીમાં પુર્ણ કરેલ છે. આમ, અરજદારે જયારે આધારકાર્ડ કઢાવેલ હતું ત્યારે પણ તેમાં તેઓની સાચી જન્મ તા. કે જે જન્મના પ્રમાણપત્રમાં હતી તે મુજબની તા. ૧૪/૧/૨૦૦૨ ની લખાવેલ છે અને તે જન્મ તારીખ સાચી જન્મ તારીખ છે. પરંતુ શરતચુકથી જે તે વખતે અરજદારના માતા તેમજ સગાવહાલા અભણ માણસો હોય અને કાયદાકીય બાબતોથી અજ્ઞાત હોઈ જયારે અરજદારને અભ્યાસ કરવા માટે બેઠેલ ત્યારે જે જન્મના પ્રમાપણત્રમાં જે નોંધણી તારીખ હતી તે તારીખ સ્કુલના એલ.સી.માં લખાઈ ગયેલ હતી. ત્યારબાદ અરજદારે કોલેજ સુધીનો અભ્યાસક્રમ પુર્ણ કરેલ છે અને હવે અરજદાર સરકારી નોંકરીની તૈયારી કરી રહેલ છે અને પોલીસની પ્રેકટીકલ પરીક્ષા પણ પાસ કરેલ છે અને હાલ લેખિત પરીક્ષાની તૈયારી કરી રહેલ છે. તેથી ભવિષ્યની અંદર જયારે સરકારી કે અર્ધસરકારી નોકરીમાં પાસ થઈએ ત્યારે જન્મ–

ના પ્રમાણપત્રમાં અને એલ.સી.માં અલગ અલગ જન્મ તારીખો હોય તેના કારણે અમારે ભવિષ્યમાં ઘણા બધા પ્રશ્નો ઉપસ્થિત થાય તેમ છે જેથી અરજદારને ન્યા–યના વિશાળ હિતમાં પણ એલ.સી.માં સુધારો કરી આપવો અત્યંત જરૂરી છે અને બંનેમાં જન્મ તારીખો એકજ હોવી જોઈએ તેવું અરજદારના ધ્યાન ઉપર આવતાં તેઓએ તાત્કાલીક નામદાર કોર્ટમાં આ અરજી કરેલ છે. જેથી અરજદારએ નામદાર કોર્ટમાં આ અરજી કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે.

(૨) આ કામે અરજદાર તરફે **આંક–૦૩** થી દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે. તેમાં **માર્ક–૩/૧** થી જન્મ પ્રમાણપત્રની ખરી નકલ રજુ છે, તેમાં અરજદારની જન્મ તા. રીખ ૧૪/૦૧/૨૦૦૨ લખાયેલ છે. **માર્ક–૩/૨** થી રજુ આધાર કાર્ડની નકલમાં પણ અરજદારની જન્મ તારીખ ૧૪/૦૧/૨૦૦૨ લખાયેલ છે. **માર્ક–૩/૫ તથા માર્ક–૩/૬** થી શાળા છોડયાનું પ્રમાણપત્રની ખરી નકલ રજુ છે, તેમાં અરજદારની જન્મ તારીખ ૨૩/૦૧/૨૦૦૨ લખાયેલ છે. આ કામે અરજદારના એડવોકેટશ્રીએ **આંક–૪** ના દસ્તાવેજ લીસ્ટ થી ગુજરાતી દૈનિક પેપરમાં પ્રસિધ્ધ કરેલ જાહેર નોટીસ ની નકલ આ કામે રજુ કરેલ છે. જે નોટીસ પ્રસિધ્ધી થયા બાદ કોઈએ વાંધો કે તકરાર લીધેલ નથી.

(૩) આ કામે **વિનોદભાઈ રામાભાઈ પ્રજાપતી**ને **આંક–૫** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ નિઝામપુરા પ્રાથમીક શાળા, નિઝામપુરા મુકામે આચાર્ય તરીકે છેલ્લા ૧૪ વર્ષથી ફરજ બજાવે છે. નામદાર કોર્ટના સમન્સના આધારે તેમની શાળાનું અસલ રેકર્ડ આજરોજ તેમની સાથે લાવેલ છે. તેઓ તેમની સાથે જી. આર. રજીસ્ટ્રાર જોઈને કહે છે. તેઓને ત્યાં હીરલબેન બાબુભાઇ દેસાઇ નાઓએ ધોરણ–૦૧, માં તા. ૧૭/૦૬/૨૦૦૭ ના રોજ તેમણે રજુ કરેલ પ્રવેશ ફોર્મના આધારે પ્રવેશ મેળવેલો અને તેમની જન્મ તા. ૨૩/૦૧/૨૦૦૨ લખેલ છે. જન્મ સ્થળ મોટી ગીડાસણ,

તા. વડગામ તથા જાતિ અને પેટા જાતિમાં હીન્દુ, રબારી લખેલ છે. જેઓના જનરલ રજીસ્ટ્રરમાં નોંધણી ક્રમાંક નં. ૬૬૮ છે. સદરહુ વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે તેમની પાસેથી જન્મનુ પ્રમાણપત્ર લેવામાં આવેલું અને તેમાં તેઓની જન્મ તા. ૧૪/૧/૨૦૦૨ છે. જયારે તેની નોંધણી તા. ૨૩/૧/૨૦૦૨ છે. અમારી સ્કુલના જી.આર. રજીસ્ટરમાં જન્મના પ્રમાણપત્રના આધારે જન્મ તા. ૧૪/૧/૨૦૦૨ લખવાની હતી પરંતુ શરતચુકથી તેમાં તા. ૨૩/૧/૨૦૦૨ લખેલ છે. જે નોંધણીની તારીખ છે. તેઓ આ જી.આર. રજીસ્ટરના નોંધણી ક્રમાંક ૬૬૮ વાળા પેજની અસલ ઉપરથી ખરી નકલ રજુ કરેલ છે. જે આંક-૦૬ થી રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે **હરેશકુમાર વીરસંગભાઈ ચૌધરી**ને **આંક-૦૭** થી તપાસવામા આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ એસ. કે. મહેતા હાઈસ્કુલ, જગાણા મુકામે આચાર્ય તરીકે છેલ્લા દોઢેક વર્ષથી ફરજ બજાવે છે. નામદાર કોર્ટના સમન્સના આધારે તેમની શાળાનું અસલ રેકર્ડ આજરોજ તેમની સાથે લાવેલ છે. તેઓ તેમની સાથે જી. આર. રજીસ્ટ્રાર જોઈને કહે છે. તેઓને ત્યાં હીરલબેન બાબુભાઇ દેસાઇ નાઓએ ધોરણ-૦૯માં તા. ૦૮/૦૬/૨૦૧૫ ના રોજ નીયમીત વધ્યિાર્થી તરીકે પ્રવેશ મેળવેલો અને તેમની જન્મ તા. ૨૩/૦૧/૨૦૦૨ લખેલ છે. જન્મ સ્થળ ગીડાસણ, તા. વડગામ તથા જાતિ અને પેટા જાતિમાં હીન્દુ, રબારી લખેલ છે. જેઓના જનરલ રજીસ્ટ્રરમાં નોંધણી ક્રમાંક નં. ૪૨૫૮ છે. સદરહુ વીધ્યાર્થી ને નીઝામપુરા પ્રા. શાળા, નિઝામપુરા નાઓ તરફથી આપવામાં આવેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટના આધારે પ્રવેશ આપવામાં આવેલો જેમાં તેઓની જન્મ તા. ૨૩/૧/૨૦૦૨ છે. તેઓ આ.

જી.આર. રજીસ્ટર ના નોંધણી ક્રમાંક ૪૨૫૮ વાળા પેજની અસલ ઉપરથી ખરી નકલ રજુ કરેલ છે. જે આંક–૦૮ થી રજુ કરવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદી **હિરલબેન બાબુભાઇ દેસાઇ**નાઓએ **આંક–૦૯** થી પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, અરજદારનો જન્મ તા. ૧૪/૧/૨૦૦૨ ના રોજ મોજે ગામ નિઝામપુરા, તા.– વડગામ, જી.બનાસ કાંઠા મુકામે તેમના મોસાળમાં થયેલ હતો અને તે અંગેની નોંધણી કમાંક –૩ થી તા. ૨૩/૧/૨૦૦૨ ના રોજ ગ્રામ પંચાયત નિઝામપુરામાં કરાવેલ હતી અને તે અંગેનું જન્મનું પ્રમાણપત્ર નિઝામપુરા ગ્રામ પંચાયત ધ્વારા આપવામાં આવેલ હતું. અરજદારને સામાવાળા નં. ૧ નિઝામપુરા પ્રાથમિક શાળા માં અભ્યાસ માટે બેસાડેલ હતા તે સમયે શરતચુકથી જે નોંધણી તારીખ હતી તે જન્મ તા. ૨૩/૧/૨૦૦૨ લખાઈ ગયેલ હતી. અરજદારના માતા અભણ હોઈ જેતે વખતે શરતચુકથી અમારી સાચી જન્મ તારીખના બદલે જે નોંધણી તારીખ હતી તે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં અમોને ભણવા બેસાડેલ તે મુજબની તારીખ લખાવેલ હતી. અને તે બાબતે સામાવાળા નં. ૧ ની સ્કુલે પણ કોઈ ગ્રામ પંચાયત ના જન્મ પ્રમાણ પત્ર માં ખરાઈ કરેલ ન હતી. અને ત્યારબાદ અરજદાર ધોરણ–૨ થી ૭ સુધીનો અભ્યાસક્રમ ગીડાસણ પ્રાથમિક શાળામાં કરેલો અને ત્યારબાદ ફરીથી ધોરણ ૭ અને ૮ અમો નિઝામપુરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેલો. અને તે વખતે પણ શરતચુકથી અગાઉ જે પ્રમાણે એલ.સી.માં જન્મ તારીખ લખેલ હતી તે મુજબની જન્મ તા. ૨૩/૧/૨૦૦૨ ની લખાયેલ હતી. અરજદાર ત્યારબાદ વધુ અભ્યાસ માટે સામાવાળા નં. ૨ એસ.કે. મહેતા હાઈસ્કુલ જગાણા મુકામે ધો– ૯ અને ૧૦ નો અભ્યાસ કરેલ અને તેમાં પણ તેઓની જન્મ તારીખ અગાઉ શરત ચુકથી જે તા. ૨૩/૧/૨૦૦૨ ની લખાઈ ગયેલ છે. તે જ મુજબની લખાયેલ હતી અને ત્યારબાદ અરજદાર ધોરણ–૧૧, ૧૨ નો અભ્યાસકમ પુર્ણ કરી કોલેજ સુધી નો અભ્યાસકમ હેમચંદ્રઆચાર્ય નોર્થ ગુજરાત યુર્નિવસીટીમાં પુર્ણ કરેલ છે. આમ, અરજદારે જયારે આધારકાર્ડ કઢાવેલ હતું ત્યારે પણ તેમાં તેઓની સાચી જન્મ તા.

કે જે જન્મના પ્રમાણપત્રમાં હતી તે મુજબની તા. ૧૪/૧/૨૦૦૨ ની લખાવેલ છે અને તે જન્મ તારીખ સાચી જન્મ તારીખ છે. પરંતુ શરતચુકથી જે તે વખતે અરજદારના માતા તેમજ સગાવહાલા અભણ માણસો હોય અને કાયદાકીય બાબતોથી અજ્ઞાત હોઈ જયારે અરજદારને અભ્યાસ કરવા માટે બેઠેલ ત્યારે જે જન્મના પ્રમાણપત્રમાં જે નોંધણી તારીખ હતી તે તારીખ સ્કુલના એલ.સી.માં લખાઈ ગયેલ હતી. ત્યારબાદ અરજદારે કોલેજ સુધીનો અભ્યાસક્રમ પુર્ણ કરેલ છે અને હવે અરજદાર સરકારી નોંકરીની તૈયારી કરી રહેલ છે અને પોલીસની પ્રેકટીકલ પરીક્ષા પણ પાસ કરેલ છે અને હાલ લેખિત પરીક્ષાની તૈયારી કરી રહેલ છે. તેથી ભવિષ્યની અંદર જયારે સરકારી કે અર્ધસરકારી નોકરીમાં પાસ થઈએ ત્યારે જન્મ ના પ્રમાણપત્રમાં અને એલ.સી.માં અલગ અલગ જન્મ તારીખો હોય તેના કારણે અમારે ભવિષ્યમાં ઘણા બધા પ્રશ્નો ઉપસ્થિત થાય તેમ છે જેથી અરજદારને ન્યાય ના વિશાળ હિતમાં પણ એલ.સી.માં સુધારો કરી આપવો અત્યંત જરૂરી છે અને બંનેમાં જન્મ તારીખો એકજ હોવી જોઈએ તેવું અરજદારના ધ્યાન ઉપર આવતાં તેઓએ તાત્કાલીક નામદાર કોર્ટમાં આ અરજી કરેલ છે. જે મુજબ સુધારો કરવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૬) આ કામે ફરીયાદપક્ષના **સાહેદ અંબાબેન બાબુભાઈ દેસાઈ**નાઓએ **આંક – ૧૦** થી પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આ કામના અરજદાર અમો સોગંદનામું કરનારની પુત્રી છે અને તેમ નો જન્મ તા. ૧૪/૧/૨૦૦૨ ના રોજ નિઝામપુરા, તા. વડગામ, જી.બનાસકાંઠા મુકામે થયેલ હતો અને તેમના જન્મની નોંધણી ગ્રામ પંચાયત નિઝામપુરામાં કરાવેલ હતી અને તે સમયે અમોએ જન્મ તા. ૧૪/૧/૨૦૦૨ ની લખાવેલ હતી અને જન્મના પ્રમાણપત્રમાં નોંધણી તા. ૨૩/૧/૨૦૦૨ ક્રમાંક નં. ૩ થી નોંધાયેલ હતી અને જયારે અમારી દિકરી પાંચ વર્ષની થયેલ તેને નિઝામપુરા પ્રા. શાળામાં ધોરણ– ૧ માં ભણવા માટે બેસાડેલ હતી અને તે વખતે પણ તેઓએ જન્મનું પ્રમાણ પત્ર સ્કુલ માં આપેલ હતુ પરંતુ તેઓ અભણ બાઈ માણસ હોઈ જે

તે વખતે તેઓએ જન્મના પ્રમાણપત્ર મુજબ જન્મ તારીખ લખેશ હશે તેવું માની લીધેલ પરંતુ જે તે વખતે શરતચુકથી નોંધણી તા. ૨૩/૧/૨૦૦૨ ની હોઈ તે એલ.સી.માં જન્મ તારીખ શરતચુકથી તે જ તારીખ સ્કુલના આચાર્યશ્રીએ લખી લીધેલ પરંતુ તેઓ અભણ માણસ હોઈ તેઓને તેની કોઈ ખબર પડેલ નહી અને તે મુજબ પણ એલ.સી.માં જન્મ તારીખ ચાલતી આવતી હતી. ખરેખર અમારી દિકરી ને જન્મ તા. ૧૪/૧/૨૦૦૨ ની છે અને તે જ સાચી જન્મ તારીખ છે. તેઓની દિકરી હિરલને વધુ અભ્યાસ માટે સામાવાળા નં. ૨ એસ.કે. મહેતા હાઇસ્કુલ જગાણા મુકામે ધોરણ – ૯ અને ૧૦ નો અભ્યાસ કરેલ અને તેમાં પણ તેની જન્મ તારીખ અગાઉ શરતચુકથી જે તા. ૨૩/૧/૨૦૦૨ ની લખાઈ ગયેલ છે. તે જ મુજબની લખાયેલ હતી અને ત્યારબાદ અમો ધોરણ–૧૧, ૧૨ નો અભ્યાસક્રમ પુર્ણ કરી કોલેજ સુધીનો અભ્યાસકમ હેમચંદ્રઆચાર્ય નોર્થ ગુજરાત યુર્નિવસીટીમાં પુર્ણ કરેલ છે. આમ, જયારે અમારી દિકરીનું આધારકાર્ડ કઢાવેલ ત્યારે પણ તેમાં પણ તેની જન્મ તા. ૧૪/૧/૨૦૦૨ ની લખાવેલ છે અને તે જ તેની સાચી જન્મ તારીખ છે. અમારી દિકરી કોલેજનો અભ્યાસ પુર્ણ કર્યા બાદ હાલ સરકારી નોકરી ની તૈયારી કરી રહેલ છે અને તેને પોલીસની પ્રેકટીકલ પરીક્ષા પણ પાસ કરેલ છે અને હાલ લેખિત પરીક્ષાની તૈયારી કરી રહેલ છે અને તેના ઉજળા ભવિષ્ય માટે પણ તેની સાચી જન્મ તારીખ મુજબ એલ.સી.માં સુધારો કરવો અત્યંત જરૂરી છે અને તે મુજબનો સુધારો કરવામાં આવે તો, ન્યાયનો સાચો હેતુ સરે તેમ છે અને અમારી દિકરીનું ઉજવળ ભવિષ્ય માટે પણ એલ.સી.માં સુધારો કરવો અત્યંત જરૂરી છે. અને તે મુજબનો એલ.સી.માં સુધારો કરી આપવા હુકમ કરવા અમોએ આ સોગંદનામું તેમની માતા હોઈ નામદાર કોર્ટમાં કરેલ છે.

આમ, ઉપરોકત તમામ દસ્તાવેજો તથા પુરાવો વંચાણે લેતા અરજદાર ના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટના કોલમ નં. ૫ માં વિદ્યાર્થીની જન્મ તારીખ તા. ૨૩/૧/૨૦૦૨ જે લખાયેલ છે, તે શરતચુક થી લખાયેલાનું જણાવેલ છે.

અરજદારની જન્મના પ્રમાણપત્રમાં તથા તેમના આધાર કાર્ડમાં અરજદારની સાચી જન્મ તારીખ ૧૪/૧/૨૦૦૨ છે. તે મુજબ સુધારો કરવો યોગ્ય જણાઈ આવે છે .

(૭) આમ આ કામે અરજદારના શાળા છોડયા ના પ્રમાણપત્રમાં જયાં વિદ્યાર્થીની જન્મ તારીખ ૨૩/૧/૨૦૦૨ લખાયેલ છે તેમાં સુધારો કરી, વિદ્યાર્થીની જન્મ તા. ૧૪/૧/૨૦૦૨ લખવા મુજબ સુધારો કરવા માટેની અને આ અરજી સંદર્ભે હકુમતના મુદદે જોવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ એ Thakore Nilesh Shishirbhai vs Gujarat Secondary Education ના કેસમાં સ્કુલ લીવીં ગ સર્ટીફીકેટ માં ફેરફાર /સુધારો કરવાનો નિર્દેષ મેળવવા દાખલ કરેલ પીટીશનના કામે the Gujarat Secondary Education Regulations, 1974 Clause 4 of Regulation 12(A) નુ અર્થ ઘટન કરી હકુમત ધરાવતા જયુડીશ્યિલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ને આવા કીસ્સામાં વિગતવાર ની તપાસ કરવાના તથા સુધારો કરવા સર્ટીફીકેટ ઈસ્યુ કરવાના અધિકાર રહેલાનુ ઠરાવેલ છે આમ આ અરજી સાંભળવાના તથા નિર્ણીત કરવાના આ કોર્ટને અધિકાર રહેલ છે હવે અરજદાર તરફે રજુ પુરાવા ની તુલના કરવામાં આવે તો, અરજદારની જન્મ તા. ૨૩/૧/૨૦૦૨ લખાયેલ છે તેમાં સુધારો કરી, વિદ્યાર્થીની જન્મ તારીખ ૧૪/૧/૨૦૦૨ લખવા મુજબ સુધારો કરવા અને તે મુજબ શાળાના રેકર્ડમાં સુધારો કરવાનો હુકમ કરવો ન્યાયિક તથા ઉચિત જણાતું હોઈ અને અરજદારની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોઈ નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧) અરજદાર ની અરજી '' મંજુર'' કરવામાં આવે છે.

૨) આ કામના સામાવાળા પ્રિન્સીપાલશ્રી, **(૧)** નિઝામપુરા પ્રા.શાળા, મુ. નિઝામપુરા, તા. વડગામ, જી.બનાસકાંઠા. **(૨)** એસ. કે. મહેતા હાઈસ્કુલ, મુ. જગાણા તા.પાલનપુર, જી.બનાસકાંઠા. વાળાઓને હુકમ કરવામાં આવે છે કે, અરજદારના સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ માં **ક્રમ નં. ૫ માં વિદ્યીર્થીની જન્મ તારીખ:- ૧૪/૧/૨૦૦૨ તેઓના રેકર્ડ માં જરૂરી સુધારો કરવા તથા તે મુજબ શાળા છોડયાનું પ્રમાણપત્ર કાઢી આપવા આથી હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. વડગામ
તા. ૦૬/૦૬/૨૦૨૬

**( ચંદ્ર શેખર શર્મા)**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
વડગામ
જજ કોડ નં.જીજે. ૦૧૫૬૨